જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૯/૦૯/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૬ કેસ કરી, ૯૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૮,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૯૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## મંદિરમાંથી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૯૨/૨૦૨૩

**ઘાટલોડીયાઃ** હસમુખભાઇ ઇશ્વરભાઇ પટેલ (રહે. મયુરપાર્ક સોસાયટી વિવેકાનંદ સર્કલની બાજુમાં મેમનગર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૩ રાતના ૧/૩૦ થી સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મેમનગર ગામ પેટ્રોલપંપ સામે આવેલ આઇશ્રી ખોડીયાર માતાજી મંદિરમાં બનાવેલ સ્ટોરરૂમનો દરવાજો તોડી દાનપેટીના અને તીજોરીના તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૬૨,૪૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચોધરી ચલાવે છે.

## સ્કુલમાંથી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૯૩/૨૦૨૩

**દાણીલીમડાઃ** બુજીભાઇ ઇસબભાઇ સંધરીયાત (રહે. મશી સોસાયટી સોનલ રોડ જુહાપુરા સરખેજ) એ તા.૦૮/૦૯/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૩ કલાક ૭/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા ગામ અંબે માતાના મંદિર પાસે આવેલ ગુજરાતી શાળા નંબર-૧ ના રૂમના તાળા તોડી લેઝર કંપનીના પંખા નંગ-૪ કિમત રૂપિયા ૬૦૦૦/- અને લોખંડની વેન્ટીલેશન જાળીઓ ૧૭૫ કિલો કિમત રૂપિયા ૭૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૪/૨૦૨૩**

**પાલડીઃ** નેહલભાઇ કનુભાઇ રામી (રહે. મીના ફ્લેટ વિશ્વકૂંજ ચાર રસ્તા બ્રહ્મક્ષત્રીય સોસાયટી વિભાગ-૧ નારાયણનગર રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૩ કલાક ૫/૩૦ થી ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી જરૂરી દસ્તાવેજ, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૩,૮૪૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુકલ ચલાવે છે.

**નરોડાઃ** કાજલબહેન વા/ઓ વિમલભાઇ વણઝારા (ઉ.વ.૨૫) (રહે.ગામ-માતરીયા, તા-શહેરા, જી-પંચમહાલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યાથી ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા ગામ ભાગોળ ત્રણ રસ્તાથી નરોડા પોસ્ટ ઓફીસ સામેથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન જન્માષ્ટમીના મેળામાં માણસોની ભીડમા અજાણી વ્યક્તિએ કાજલબહેન વણઝારાની નજર ચુકવી હાથમા રાખેલ કપડાની થેલી કાપી પર્સ ચોરી કરી લીધુ હતુ. જેમાં મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- અને સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૫/૨૦૨૩**

**સરદારનગરઃ** કમલાબહેન વા/ઓ ગોદારામ માલી (ઉ.વ.૫૦) (રહે. મધુરીકા પાર્ક નોબલનગર ટેનામેન્ટ નોબલનગર સરદારનગર) તા.૦૭/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નોબલનગર શોપીંગ સેન્ટર સામેથી એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કમલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/-ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કમલાબહેન માલીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.એસ.બી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૬/૨૦૨૩**

**ચાંદખેડાઃ** મયુર મહેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૧) (રહે. ઈશ્વરકૃપા સોસાયટી પરિમલ હોસ્પીટલ સામે મોટેરા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૩ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ત્રીજા માળે પતરાના શેડના છતની લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ હઠીસિંહ ચલાવે છે.

**નિકોલઃ** મહેશભાઇ બાબુભાઇ પટણી (ઉ.વ.૪૨) (રહે. પાટણનગર વિભાગ-૧ લીલાનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૩ રાતના આશરે બે થી ત્રણ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૯/૨૦૨૩ કલાક ૧૨/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

**નારોલઃ** દુર્ગાપ્રસાદ અવધેશકુમાર તિવારી (ઉ.વ.૨૩) (રહે. હનુમાનનગર સોસાયટી તુલસીકુંડ સોસાયટી પાસે બચુભાઇનો કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યા પહેલા કર્ણાવતી-૬ નારોલ ખાતે ચાલતી નવી સાઇટના અગીયારમાં માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી